# સુરત મહાનગરપાલિકા

ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

**જાહેર બાગ બગીચા ખાતુ**
ગાંધીબાગ, ચોકબજાર, સુરત – ૩૯૫૦૦૩.
ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩
**ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦**

પી.પી.જી./આ.વ./નં.૬૩૬
તા.૧૧/૦૭/૨૦૨૪

## <u>ક્વોટેશન</u>

**વિષય : –** **સુ.મ.પા.ના ગાર્ડન વિભાગમાં વિવિધ ઝોનમાં પ્લાન્ટેશનની કામગીરી માટે ચોમાસાની ઋતુ દરમ્યાન ભાડેથી ટેમ્પો ટાટાએસ/ અશોક લેલન્ડ / અન્ય વાહન ડ્રાઈવર સહિતનું વાહન તેમજ ૦૪ (ચાર) અનુભવી પુરૂષ મજુરો પુરા પાડવાના કામે ભાવો આપવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુ.મ.પા.ના ગાર્ડન વિભાગમાં વિવિધ ઝોનમાં પ્લાન્ટેશનની કામગીરી માટે ચોમાસાની ઋતુ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં કામગીરી કરવા માટે ટેમ્પો ટાટાએસ/ અશોક લેલન્ડ / અન્ય વાહન ડ્રાઈવર સહિત વાહન તેમજ ૦૪ (ચાર) અનુભવી મજુરો પુરા પાડવા નીચે જણાવેલ શરતો અને સ્પેશીફીકેશન આધિન ઈજારદારે પત્રક – અ માં દર્શાવ્યા મુજબ ભાવો આપવાના રહેશે.

**<u>પત્રક – અ</u>**

| **વિગત / સ્પેશીફીકેશન** | **ભાવ રૂ. પ્રતિ દિન (અંકમાં) દૈનિક ૮ (આઠ) કલાક માટેના** | **ભાવ રૂ. પ્રતિ દિન (શબ્દોમાં) દૈનિક ૮ (આઠ) કલાક માટેના (તમામ લાગુ પડતા વેરા સહીતના સુરત બેઠાના )** |
|---|---|---|
| ટેમ્પો ટાટાએસ/ અશોક લેલન્ડ / અન્ય વાહન ડ્રાઈવર સહિત (2 cylinder, 500-700 CC and above specification) તેમજ ૦૪ (ચાર) અનુભવી પુરૂષ કામદારો પુરા પાડવાનું કામ. | | |

**શરતો :–**

૧. વાહનના દૈનિક વપરાશ માટે મંજુર થયેલ દર મુજબ પ્રતિ દિનની ગણતરી કરી તે મુજબ બીલ ચૂકવવામાં આવશે.

૨. મંજુર થયેલ ભાવ સુ.મ.પા. હદ વિસ્તારમાં કામ માટેના **દૈનિક ૮ (આઠ) કલાક માટેના** રહેશે. જે મંજુર દર મુજબ અઠવાડિક રજા અને જાહેર રજાના દિવસો દરમ્યાન પ્રતિ ૮(આઠ) કલાકની ૧ શીફટથી સદર દિવસે વધુ શીફટમાં પણ જણાવેલ કામ માટે લાગુ પડતા કાયદાના નિયમ મુજબ સતત કામગીરી કરવાની રહે ત્યારે તે મંજુર દર મુજબ કામગીરી કરવાની રહેશે.

૩. ભાડાનો દર વાહન / મશીનરી સાથેના ડ્રાયવર / ઓપરેટર , કલીનર , કો–ડ્રાયવર તથા ફયુઅલ – ઓઈલ તેમજ કામના અનુભવી મજુરો વિગેરે સહીતના રહેશે. પરંતુ આવી કામગીરી માટેનો સર્વિસ ટેક્ષ તથા અન્ય વધારાના લાગુપડતા વખતો વખતના ટેક્ષ, જીએસટી સહિતના દર પ્રતિ ૮(આઠ) કલાકના આપવાના રહેશે.

૪. ભાડેથી આપવામાં આવનાર વાહનની આર.સી.બુક, ડ્રાયવરનાં લાયસન્સ તથા ઓળખ પત્ર અત્રેની કચેરીએ જમા કરાવવાનાં રહેશે. અન્યથા ઈજારદાર ભાડેથી રાખી કામગીરી કરી શકશે. ભાડેથી રાખેલ વાહનનો ભાડા કરાર રજુ કરવાનો રહેશે. ભાડા કરાર રજુ કરેલ હશે તો જ બીલની ચૂકવણી કરવામાં આવશે.

૫. સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં ટ્રી પ્લાન્ટેશન, પડી ગયેલ ઝાડનો તેમજ ભયજનક ઝાડના જરૂરી ટ્રીમીંગથી કાપેલ લાકડા અને કચરાના નિકાલ કરવાની કામગીરી કરવા માટે જરૂરી કુહાડી, પાવડા, કોદારા, ત્રિકમ,પરાઈ વિગેરે જરૂરી તમામ સાધન સામગ્રી ઈજારદારે વાહન સાથે જે તે સમયે કામગીરી થઈ શકે તે પ્રકારે ચાલુ હાલતમાં ઈજારા સમય દરમ્યાન રાખવાની રહેશે.

૬. કામદારોનું લેબર લાઈસન્સ, પી.એફ. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ વર્ક ઓર્ડર મળ્યેથી રજુ કરવાનું રહેશે.

૭. ઈજારદાર જે વાહન ભાડે આપે તે બંને આર.ટી.ઓ.માં તેના કાયદા મુજબનું રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ અને તેની વીમા પોલિસી અનલીમીટેડ થર્ડ પાર્ટી પર્સન ઈન્જરી અને, પ્રોપર્ટી ડેમેજ રીસ્ક કવર સહિતની હોવી જોઈએ અને મશીનરી રોકવા માટેનો ઈજારો શરૂ કરવા પહેલા રજીસ્ટ્રેશન–બુક, ફીટનેશ સર્ટીફીકેટ, પરમીટબુક, ડ્રાઈવીંગ લાયસન્સ, વીમો, રોડ ટેક્ષ, વિ. દસ્તાવેજો ની મુળ નકલ રજુ કરવાની રહેશે. અને તેની પ્રમાણિત ઝેરોક્ષ કોપીઓ સહી–સિક્કા કરી આપી બે કોપીમાં રજુ કરવાની રહેશે. ઈજારદારે/ વાહન માલિકે વર્દી માટેના મશીનરી માટે અધિકૃત વેલીડ લાયસન્સ ધરાવતાં અનુભવી અને જાણકાર ડ્રાઈવર ફાળવવાનો રહેશે. સરકારી /અર્ધ સરકારી જે તે વખતે કાયદાઓ અમલમાં હોય, તે મુજબ તેની અમલવારી કરવાની રહેશે.

૮. સદર કામગીરી દરમ્યાન કોઈ પણ અકસ્માત, માલહાની કે જાનહાની ન થાય તે માટે સેફટી મેજર્સનું ધ્યાન રાખી અમલ કરવાનું રહેશે. જે બાબતે કોઈ પણ અકસ્માત, માલહાની કે જાનહાની થાય કે કોઈપણ અનિયમિતતા અંગે સુ.મ.પા. ની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૯. સદર કામગીરી સુરત મહાનગરપાલિકાના સુચવ્યા મુજબના કોઈ પણ સ્થળે દિવસ તેમજ રાત્રી દરમ્યાન તેમજ જાહેર રજાના દિવસો અને અઠવાડિક રજાના દિવસ દરમ્યાન પણ કામની જરૂરીયાત મુજબ સુ.મ.પા.ના ગાર્ડન વિભાગના જવાબદાર કર્મચારી દ્વારા આપેલ સુચના મુજબ કરવાની રહેશે.

૧૦. બાનાની રકમ પેટે રૂા.૨,૦૦૦.૦૦પૈ. નો ડિમાન્ડ ડ્રાફટ અથવા ચેક, કમીશ્નરશ્રી સુ.મ.પા.ના નામનો ક્વોટેશન સાથે સામેલ કરવાનો રહેશે.

૧૧. બીન શરતી ક્વોટેશન જ સ્વીકારવામાં આવશે.

૧૨. **<u>ઈજારદારે ઉપરોકત દર્શાવેલ પત્રક – અ માં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી ચીફ એકાઉન્ટન્ટ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની ઓફિસે રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ,ફકત પોસ્ટલ ઓથોરીટી ધ્વારા મોકલવાના રહેશે.</u>**

૧૩. કોઇ પણ ક્વોટેશન સ્વીકારવા અથવા કોઈપણ અથવા તમામ ક્વોટેશન નકારવા અથવા એકથી વધુ ક્વોટેશન ભરનારાઓ વચ્ચે ઓર્ડરની વહેંચણી કરવાનો સર્વ હકક મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે અંગે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

૧૪. કામગીરીના સંદર્ભમાં જે કોઈ વિવાદ ઉત્પન્ન થાય તે માટે સુરતની કોર્ટની હકુમતને આધીન રહેશે.

ઉપરોકત શરતો મે વાંચી છે અને મને મંજુર છે.

ઈજારદારની સહી, સિકકો, સરનામું

-sd-

**ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ**
**જાહેર બાગબગીચા ખાતુ**